AHMEDABAD MUNICIPAL CORPORATION

ROAD PROJECT

Sardar Patel Bhavan, Danapith, Ahmedabad - 380 001
Telephone:- 079-25391811 Email:- dycerp1@ahmedabadcity.gov.in

150 YEARS OF CELEBRATING THE MAHATMA

Document as per check List No. 34

As the sales/lease process is not finalized yet. The broacher of the project is not drafted and not even taken into consideration in this stage. We will provide it whenever it is drafted and available for common public.

Specification to be given in the project, all are matchings industrial standards.

1. Flooring: Vitrified Tiles.
2. Window: Glass Window in Aluminium Frame.
3. Door: Rolling Shutter or Wooden Door, which ever specified in design.
4. Sanitary Items: Ceramic Sanitary Ware, approved by EIC.
5. CP Fittings: ISI marked Metal Bath Fittings.
6. Electrical Work: ISI marked cables and modular switches.
7. Fire Safety: ISI marked sprinklers and other fire-fighting equipment.

Thank You,

Gopal Patel
Deputy C.E. (Road Project)
Ahmedabad Municipal Corporation

રાજ્યમાં ૨૦૨૧ની તુલનામાં ૨૦૨૨માં

મહિલાઓ પરના અત્યાચાર વધ્યા ગેંગરેપ અને દુષ્કર્મના ૬૧૪ બનાવ

અમદાવાદ,રવિવાર

મહિલા સુરક્ષા અને સશક્તીકરણના દાવાનો છેદ ઉડાડતા ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. મહિલાઓ પર થયેલા અત્યારના બનાવોમાં વધી રહ્યાનું પોલીસ ચોપડે નોંધાયેલા આંકડા પરથી સ્પષ્ટ થાય છે. ૨૦૨૧ની તુલનામાં ૨૦૨૨માં મહિલાઓ પરના અત્યાચરના બનાવો વધ્યા છે. રાજ્યમાં ૨૦૨૨ના વર્ષમાં ગેંગરેપ અને દુષ્કર્મના ૬૧૪ બનાવો બન્યા છે. સાસરિયાં દ્વારા ત્રાસ આપવો તેમજ દહેજથી મૃત્યુના બનાવો કાબૂમાં આવ્યાનું દેખાઈ રહ્યું છે. જાતીય સતામણીના બનાવો પણ ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં ઘટીને ૫૧૩ પર આવ્યા છે.

મહિલાઓની સુરક્ષા માટે અભયમ હેલ્પલાઈન તેમજ પોલીસની શી ટીમ કાર્યરત કરવામાં આવ્યા બાદ સરકારના દાવાનો છેદ ઉડાડતી ઘટનાઓ બની રહી છે. રાજ્યમાં ૨૦૨૨માં મહિલાઓ પર દુષ્કર્મની ૫૮૮ ઘટના અને ગેંગરેપની ૨૬ ઘટનાઓ બની છે. ૨૦૨૧ની તુલનામાં ગંભીર પ્રકારના બંને ગુનામાં વધારો જોવા મળી રહ્યો છે.

બીજી તરફ રાજ્યમાં દહેજને કારણે મૃત્યુ, જાતિય સતામણીના બનાવોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્ત્રીની આબરૂ લેવાના હેતુથી હુમલા કરવાના બનાવો ૨૦૨૧માં ૧૨૫ હતો જે ૨૦૨૨માં વધીને ૧૬૭ પર પહોંચ્યો છે. આમ, મહિલાઓ પર અત્યાચાર રોકવાના મામલે રાજ્ય સરકાર અને પોલીસના અથાગ પ્રયાસ બાદ પણ પોલીસ ચોપડે નોંધાયેલા આંકડા કઈક અલગ ચીત્ર રજૂ કરી રહ્યા છે. મહિલાની સુરક્ષા અને સશક્તિકરણના દાવાઓ સામે અનેક સવાલ ઉભા થયા છે.

મહિલાઓ કેવા પ્રકારના ગુનાનો ભોગ બની તેના આંકડા

ક્રમ	ગુનાનો પ્રકાર	૨૦૨૧	૨૦૨૨
૧.	ગેંગરેપ	૨૨	૨૬
૨.	દુષ્કર્મ	૫૭૫	૫૮૮
૩.	દહેજ મૃત્યુ	૧૦	૧૦
૪.	આબરૂ લેવાના ઈરાદે હુમલો	૧૨૫	૧૬૫
૫.	જાતીય સતામણી	૫૧૮	૫૧૨
૬.	સગીર બાળા મેળવી આપવી	૦	૧
૭.	લગ્નની ફરજ પાડવા ગુનો	૫૨૨	૮૦૬
૮.	પતિ સાસરિયાનો ત્રાસ	૨૨૬૫	૨૧૫૦

હનીટ્રેપ કરતી ગેંગ અને ખોટી ફરિયાદો કારણભૂત

મહિલાઓ પર ગેંગરેપ અને દુષ્કર્મ થયાના આંકડાના વધારા પાછળ ઉચ્ચ અધિકારીઓ ખોટી ફરિયાદો અને હનીટ્રેપ કરતી ગેંગને કારણભૂત માની રહ્યા છે. તાજેતરમાં ભૂજની જેલમાંથી જયંતી ભાનુશાળી હત્યા કેસની આરોપી મનિષા ગોસ્વામી આણી મંડળીએ પ્લોટ ઘડીને ભૂજના વેપારી વિરૂદ્ધ દુષ્કર્મની ખોટી ફરિયાદો કરાવીને ખંડણી માંગી હતી. હનીટ્રેપમાં ફસાવનાર ગેંગના ત્રાસથી તાજેતરમાં વેપારીએ આત્મહત્યા કરી લેતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચે પણ અગાઉ દુષ્કર્મની ખોટી ફરિયાદ કરનાર બે આરોપીઓનો બદઈરાદો ખુલ્લો પાડી ગોમતીપુરથી તેઓને પકડ્યા હતા. આમ, બ્લેકમેઈલ કરી ખંડણી પડાવવાના ઈરાદે કે વિરોધીને ફસાવવાના ઈરાદે હનીટ્રેપ કરી દુષ્કર્મની ખોટી ફરિયાદો કરવાના બનાવો પણ સામે વધી રહ્યા છે. જેના કારણે આંકડામાં વધારો જોવા મળે છે.

સાસરિયાં દ્વારા ત્રાસ આપવો તેમજ દહેજથી મૃત્યુના બનાવ કાબૂમાં:જાતીય સતામણીની ૫૧૩ ઘટના નોંધાઈ

શહેરીજનોને મચ્છરના ત્રાસમાંથી મુકત કરાવવા

અમદાવાદ મ્યુનિ. મચ્છર મારવાના દસ હજાર રેકેટ ખરીદ કરીને આપશે

અમદાવાદ,રવિવાર

અમદાવાદના લોકોને મચ્છરના ત્રાસમાંથી મુકત કરાવવા મ્યુનિ.તંત્રે નવતર પ્રયોગ હાથ ધરવા કવાયત શરુ કરી છે. મચ્છર મારવા માટેના પ્રારંભિક તબકકે દસ હજાર જેટલા રેકેટની ખરીદી કરી તંત્ર દ્વારા જે વિસ્તાર કે સ્થળે જયાં સૌથી વધુ મચ્છરનો ઉપદ્રવ જોવા મળતો હશે ત્યાં આ રેકેટ આપવામા આવશે. વર્તમાન બજાર કીંમત મુજબ એક રેકેટની કીંમત રુપિયા ૨૦૦ની આસપાસ છે. દર વર્ષે ચોમાસાની સીઝનમાં શહેરના ૪૮ વોર્ડમાં મચ્છરના ઉપદ્રવને ફોગીંગની કામગીરી કરી ડામવા મ્યુનિ. દ્વારા અંદાજે પાંચ કરોડથી વધુ રકમનો ખર્ચ કરાય છે.એક રેકેટથી બે વર્ષ સુધી મચ્છર મારી શકાય છે એમ સત્તાવારસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. રેકેટની ખરીદી પાછળ અંદાજે વીસ લાખનો ખર્ચ કરાશે.

દર વર્ષે ચોમાસાની સીઝનમાં શહેરના ૪૮ વોર્ડમાં ફોગીંગની કામગીરી કરાવવા પાંચ કરોડથી વધુના ખર્ચને ધ્યાનમાં લઈ નવતર પ્રયોગ હાથ ધરવા તંત્રની કવાયત

મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ-મેલેરિયા વિભાગ તરફથી દર વર્ષે ચોમાસાની સીઝનમાં શહેરના તમામ વોર્ડમાં ચાર મહિનાના સમય માટે અને બાદમાં મ્યુનિસિપલ કમિશનર મંજુરી આપે તો વધુ બે માસ માટે કરાવવામા આવતી હોય છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ-મેલેરિયા વિભાગ તરફથી શહેરના અલગ અલગ ઝોનમાં આવેલા વોર્ડ વિસ્તારના ઘરોમાં વેકટર બોર્ન ડિસીઝ કંટ્રોલ કામગીરી હેઠળ ઈન્ડોર થર્મલ ફોગીંગ કામગીરી આ વર્ષે પણ અલગ અલગ એજન્સીઓ દ્વારા કરાવવામા આવનાર છે.ફોગીંગની કામગીરી કરવામા આવ્યા બાદ પણ શહેરમાં અનેક સ્થળ એવા મળી આવ્યા છે કે જયાં ફોગીંગ કર્યા બાદ પણ મચ્છરનો ઉપદ્રવ ફરીથી થતો હોય છે.ખાસ કરીને રહેણાંક મિલ્કતોમાં ધાબા કે ટેરસ ઉપર આવેલ ઓવરહેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ ટાંકી અથવા તો રાખવામા આવેલા નકામા ભંગારના સ્થળે.આ કારણને ધ્યાનમા લઈ આરંભિક તબકકામા મ્યુનિ.હેલ્થ-મેલેરિયા વિભાગ દસ હજાર જેટલા રેકેટની ખરીદી તંત્ર દ્વારા કરાશે.મ્યુનિ.દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે ફોગીંગની કામગીરી કરાવવામાં આવી રહી છે.દરમિયાન હવે મચ્છર મારવા દસ હજાર જેટલા રેકેટ ખરીદવા કવાયત શરુ કરવામા આવી છે.મચ્છર મારવાના રેકેટ ચાઈનીઝ મેઈડ લેવા કે ઈન્ડિયન મેઈડ એ અંગે અંતિમ નિર્ણય લેવા અંગે તંત્રમાં અવઢવ જોવા મળી રહી છે.નામ આપ્યા વગર એક અધિકારીએ કહયુ,રેકેટ ચાઈનીઝ હોય કે ઈન્ડિયન મેઈડ પણ મચ્છર મરવા જોઈએ.ચાઈનાની ચીજોના બહીષ્કારની વાતો છતાં આપણે રુટીન લાઈફમાં ચાઈના મેઈડ ઘણી ચીજોનો ઉપયોગ કરીએ છીએ.



જાન્યુઆરીથી મે-૨૩ સુધીમાં અર્બન-કોમ્યુનિટી સેન્ટર ઉપર થયેલા મુખ્ય ટેસ્ટ

ટેસ્ટના નામ	uhc	chc
સીબીસી	૨૭૭૭૫	૩૩૯૬૧
યુરીન	૧૨૨૦૧	૩૫૮૮
એચબી	૫૫૭૦૭	૩૧૮૪૭
બ્લડગ્રૂપ	૧૫૭૩૬	૩૨૫૬૬
આરબીએસ	૧૦૨૬૪૨	૮૩૪૮
ડેન્ગ્યૂ સેમ્પલ	૨૩૭૬	૮૪૬૮
ચિકનગુનિયા	૯૧૯	૧૫૨૭૪
થેલેસિમિયા	૯૧૫૮	૧૩૩૭૮
એચઆઈવી	૨૧૯૨૩	૮૫૯૮
કોલેસ્ટોરેલ	૭૧૬	૬૧૪૯
યુરીક એસિડ	૩૨૫	૯૦૭
ટોટલ પ્રોટીન	૫૧૩	૯૮

મ્યુનિ.અર્બન-કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ઉપર વિનામૂલ્યે કરાતા આરોગ્યલક્ષી ટેસ્ટ

અમદાવાદના વિવિધ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના અર્બન તથા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર આવેલા છે. શહેરીજનોને આરોગ્ય માટે વખતોવખત કરાવવા પડતા કમ્પલીટ બ્લડ કાઉન્ટ ટેસ્ટ ઉપરાંત હીમોગ્લોબિન, બ્લડગ્રુપ અંગેના ટેસ્ટ, ડેન્ગ્યૂ, ચિકનગુનિયા તથા યુરીન ટેસ્ટ સહિતના અન્ય ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામા આવે છે. અન્ય ખાનગી લેબોરેટરીમાં આ પ્રકારના ટેસ્ટ કરાવવા પાછળ અંદાજે પાંચ હજાર કે તેથી વધુ રકમ ચાર્જ પેટે ચૂકવવી પડતી હોય છે.

સુરત-કતારગામ નંદુ દોશીની વાડીમાં મળસ્કે ચાર વાગ્યે

કેફી ચા પીવડાવી આઠ કારીગરને બેભાન કરીને ૩.૧૧.૪૭ લાખના હીરા તફડાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

સુરત, રવિવાર

કતારગામ નંદુદોશીની વાડીમાં ધર્મ ડાયમંડનો રત્નકલાકાર નાઈટ પાળીના ૮ કારીગરને ચા માં કેફી પદાર્થ પીવડાવી બેભાન કરી અંદાજે ૨૫૫ કેરેટના ૨૭૦૦ નંગ હીરા કિંમત રૂ. ૧૧.૪૭ લાખની મત્તાના ચોરીને ભાગી જતા કતારગામ પોલીસ દોડતી થઈ ગઈ છે.

ધર્મ ડાયમંડમાં છ મહિનાથી કામ કરતો મૂળ બનાસકાંઠાનો રત્નકલાકાર બેભાન કારીગરોને કારખાનામાં ગોંધીને રફુચક્કર

કતારગામના નારાયણ નગર ચાર રસ્તા નજીક મણીનગર સોસાયટીમાં રહેતા મેહુલ નાગજી વાણીયા (ઉ.વ. ૩૯ મૂળ રહે. કલ્યાણપર, તા. વલ્લભીપુર, જી. ભાવનગર) કતારગામ નંદુદોશીની વાડીના શ્રી રામ કોમ્પ્લેક્ષમાં ધર્મ ડાયમંડ નામે કારખાનું ચલાવે છે. ગત સવારે કારખાનાની ઓફિસનો કર્મચારી કલ્પેશ બલીરામ સરફલે રાબેતા મુજબ ૭ વાગ્યે કારખાને ગયો હતો પરંતુ ઓફિસનો દરવાજો અંદરથી બંધ હતો અને દરવાજો ખખડાવવા છતા કોઈએ ખોલ્યો ન હતો.

જેથી કલ્પેશે તુરંત જ મેહુલને જાણ કરતા તેઓ કારખાને દોડી ગયા હતા. મેહુલે કારખાનાના સીસીટીવી ફૂટેજ ચેક કરતા નાઈટ પાળીમાં કામ કરતા કારીગર નરેશ મોહન કોળી (રહે. ગંગોત્રી સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ અને મૂળ. રાજપુરા, તા. સુઈગામ, જી. બનાસકાંઠા) એ સવારે ૪ વાગ્યાના અરસામાં ચા બનાવી તેમાં કોઈક કેફી પદાર્થ ભેળવી નાઈટ પાળીના ૮ કારીગરને ચાવ પીવડાવી બેભાન કર્યા હતા. ત્યાર બાદ હીરા કટીંગના ચાર મશીન ઉપર મુકેલા ફોરપી અને સોઈંગ હીરાનો અંદાજે ૨૫૫ કેરેટના ૨૭૦૦ નંગ હીરા કિંમત રૂ. ૧૧.૪૭ લાખની મત્તાના ચોરી કરી આઠેય કારીગરને કારાખાનામાં ગોંધી કારખાનાને બહારથી લોક કરી ભાગી ગયો હતો. ઘટનાને પગલે કારખાનેદાર મેહુલ વાણીયાએ છ મહિનાથી કામ કરતા કારીગર નરેશ માળી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે નરેશને પગેરૂ મેળવવા તેના વતન ખાતે પોલીસ ટીમ રવાના કરી છે.

ધંધામાં નુકશાન જતા વ્યાજે નાણાં મેળવવાનું ભારે પડ્યું

ત્રણ વ્યાજખોરોએ સાથે મળીને જમીન દલાલ પાસેથી લાખોની ઉઘરાણી કાઢી

અમદાવાદ, રવિવાર

રાજ્યમાં પોલીસે વ્યાજખોરીના ચક્રવ્યુહને ડામવા માટે વિશેષ ડ્રાઈવ ચલાવી તેમ છંતાય, હજુ પણ વ્યાજખોરોનો આતંક યથાવત છે. સાબરમતી પોલીસે ત્રણ વ્યાજખોરો વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે.

વ્યાજખોરોના કારણે માનસિક રીતે હતાશ થઈને જમીન દલાલે આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો : સાબરમતી પોલીસે મની લોંડરીંગ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

સાબરમતી ત્રાગડમાં આવેલા આનંદ વિહાર બંગલોમાં રહેતા શૈલેષભાઈ પટેલ જમીન દલાલી અને ખેતીનું કામ કરે છે. ગત માર્ચ ૨૦૧૯માં ગાંધીનગરના જમીયતપુરા ગામમાં રહેતા નિકુલ દેસાઈ નામના વ્યક્તિ પાસેથી માસિક ૧૦ ટકાના વ્યાજે ૩૫ લાખની રોકડ લીધી હતી. જેના તેમણે બે મહિના સુધી સાત લાખનું વ્યાજ ચુકવ્યું હતું. જો કે શૈલેષભાઈએ અગાઉ બીજા લોકો પાસેથી પણ વ્યાજે નાણાં લીધા હોવાથી તેમની પાસે ઉઘરાણી કરવામાં આવતી હતી. જેથી માનસિક રીતે હતાશ થઈને તેમણે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જે અનુસંધાને સાબરમતી પોલીસ સ્ટેશનમાં વિષ્ણુ દેસાઈ સહિત ૧૦ લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેથી નિકુલ દેસાઈએ તેમની પાસે વ્યાજની ઉઘરાણી કરવાને બદલે મુળ મુડી માંગી હતી. પરંતુ, ધંધામાં નુકશાની થતા નિકુલ દેસાઈએ શૈલેષભાઈને અન્ય પરેશ દેસાઈ (રહે. લક્ષ્મીનગર સોસાયટી, ઘાટલોડિયા) પાસેથી ૧૦ ટકાના વ્યાજે નાણાં લઈને મુડી આપવાનું કહ્યું હતું. જેથી શૈલેષભાઈએ પરેશ દેસાઈ પાસે વ્યાજે નાણાં માંગ્યા હતા. પરતુ, પરેશ દેસાઈએ આ નાણાંની બદલે ત્રાગડમાં આવેલી જમીન ખરીદવાનો પાવર ઓફ એટર્ની અને બાનાખાત કર્યો હતો. સાથે સાથે તેને કહ્યું હતું કે મુડી અને વ્યાજ નહી આપે તો આ જમીન તે લઈ લેશે. જો કે તેણે આ નાણાં સીધા નિકુલ દેસાઈને આપવાનું કહ્યું હતું. બીજી તરફ નિકુલ દેસાઈએ ઉઘરાણી કરતા જાણવા મળ્યું હતું કે પરેશ દેસાઈએ કોઈ નાણાં ચુકવ્યા નહોતા અને નિકુલ દેસાઈએ ૭૦ લાખના વ્યાજના નાણાંની માંગણી કરી હતી. જે બાદ નિકુલ દેસાઈને નાણાં ચુકવવા વિરમ દેસાઈ પાસેથી ૪૦ લાખ ૧૦ ટકાના માસિક વ્યાજે લઈને નિકુલ દેસાઈને ચુકવી દીધા હતા. જે બાદ શૈલેષભાઈએ માર્ચ ૨૦૨૩ સુધી ૪૦ લાખની મુડી સામે ૮૦ લાખ ચુકવી દીધા હતા. તેમ છંતાય, તે ૩૩ લાખની ઉઘરાણી કરતા હતા. ઉપરાંત, પરેશ દેસાઈ અને નિકુલ દેસાઈ સતત ઉઘરાણી કરતા હોવાથી પોલીસ મથકે અરજી કરવામાં આવી હતી.



સામાન્ય રીતે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઝાડપાન સૂકાઈ જતા હોય છે. સમયસર પાણી આપવા છતાંય ઝાડ બળી જતા હોય છે પણ કેટલાંક એવા પણ ઝાડ હોય છે જેમ વધુ ગરમી પડે તેમ ખીલી ઉઠતા હોય છે. જેમાં ગુલમહોર અને ગરમાળાનો સમાવેશ થાય છે. બીજા પણ કેટલાંક હોય છે. શહેરના સાબરમતી રીવરફ્રન્ટ પર આવા જ ઝાડ રોપવામાં આવ્યા છે જે ગરમીમાં પણ રીવરફ્રન્ટની શાન બની રહ્યા છે. (તસવીર : શૈલેષ સોલંકી)



AHMEDABAD MUNICIPAL CORPORATION (AMC)
ESTATE DEPARTMENT
3rd floor, B-Block, Sardar Patel Bhavan, Danapith, Ahmedabad 380001, Gujarat, INDIA.

ONLINE TENDER CUM E-AUCTION

An opportunity to be in Ahmedabad-Gujarat

E-AUCTION OF AMC COMMERCIAL PROPERTY

MULTILEVEL PARKING AND COMMERCIAL COMPLEX AT SINDHUBHAVAN ROAD

LOCATION : AMC Multi Level Parking & Commercial Complex [TPS No. 50 (Bodakdev), F.P. No. 368]
Nr. Arista Building, Sindhu Bhavan Road, Bodakdev, Ahmedabad-380054.
(search in google or google map : https://goo.gl/maps/whWtTMXd4HcnF2gu9 (23.04124, 72.50724)

Duration for Registration of the Bidder and Payment of EMD and Tender Fee
Dt. 12/06/2023 to Dt. 11/07/2023
(Up to midnight 23.59 hrs)

Last Date and Time of Seal Bid Offer
Dt. 19/07/2023
(Up to 18.10 hrs)

Tender fees (Non refundable)
Tender Fee for Each Bid is Rs. 10,000/-

Tender No.	Details of Commercial Property (Floor Wise)	Commercial Property (Respective Floor) area in sq.mtr.	Up-set price Rs. (Per sq.mtr)	EMD in Rs.	Date of E-Auction
ETS/RNT/ 01/2023	Ground Floor*	4158.33	1,93,000/-	80,25,600/-	E-Auction starts at 10.30 hrs on Dt.24/07/2023 E-Auction ends at 11.30 hrs on Dt.24/07/2023
ETS/RNT/ 02/2023	First Floor*	3470.43	1,44,750/-	50,23,500/-	E-Auction starts at 13.30 hrs on Dt.24/07/2023 E-Auction ends at 14.30 hrs on Dt.24/07/2023
ETS/RNT/ 03/2023	Fifth Floor + Open Terrace*	5239.86	1,27,650/-	66,88,700/-	E-Auction starts at 16.30 hrs on Dt.24/07/2023 E-Auction ends at 17.30 hrs on Dt.24/07/2023

- For further information please read details on (n)code web site https://e-auction.nprocure.com
- Timelines, notifications, updates and other details for the e-auction process are available on the website of www.ahmedabadcity.gov.in (home page → downloads → tenders)
- The Bidder/Applicant/s desirous to submit their bid have to submit Bids on https://e-auction.nprocure.com
- Any queries and clarifications sought by bidder may be sent to amcparkingcomplexeauction@gmail.com latest by Dt.29.06.2023 No queries shall be entertained thereafter.

Advertise No. 1/AMC/ESTATE/E-Auction/SindhubhavanShops&offices/2023
Date : 12/06/2023

*Details as per attached sheet in Tender/RFP document .

- Individual bid should be submitted for individual Commercial Property (Respective Floor) offer with individual tender fee and EMD and Complete the Registration process. After Completion of the Registration, A Bidder/ Applicant/s must have to submit Seal Bid Offer within stipulated deadline.
- Jurisdiction for e-auction would be Ahmedabad.
- In any circumstances if any change or amendment in auction procedure and timelines is required, it will be published on AMC web site www.ahmedabadcity.gov.in and (n)code website https://e-auction.nprocure.com for bidder acknowledgement.
- The bidders are requested to check the AMC website and (n)code website periodically during the auction process, for update.

sd/- Municipal Commissioner Ahmedabad Municipal Corporation Ahmedabad